# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 12 : ભૌતિક વિજ્ઞાન

**Full Solution**

સમય : 3 કલાક

અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 8

## Part A

**1.** (B) **2.** (A) **3.** (B) **4.** (A) **5.** (C) **6.** (A) **7.** (A) **8.** (C) **9.** (A) **10.** (C) **11.** (D) **12.** (A) **13.** (D) **14.** (C) **15.** (C) **16.** (B) **17.** (C) **18.** (B) **19.** (C) **20.** (C) **21.** (A) **22.** (A) **23.** (A) **24.** (D) **25.** (B) **26.** (C) **27.** (C) **28.** (B) **29.** (C) **30.** (B) **31.** (D) **32.** (A) **33.** (B) **34.** (C) **35.** (B) **36.** (A) **37.** (C) **38.** (A) **39.** (B) **40.** (D) **41.** (C) **42.** (B) **43.** (A) **44.** (A) **45.** (C) **46.** (C) **47.** (A) **48.** (D) **49.** (B) **50.** (C)

Liberty

## વિભાગ A

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

**1.**

➥ 


➥ એકબીજાથી થોડા અંતરે રહેલી બે મોટી સમતલ સમાંતર વાહક પ્લેટોના બનેલા કેપેસિટરને સમાંતર પ્લેટ કેપેસિટર કહે છે.

➥ આકૃતિમાં દર્શાવ્યા અનુસાર બે પ્લેટને એકબીજાની સમાંતર ગોઠવવામાં આવે છે. દરેક પ્લેટનું ક્ષેત્રફળ A અને બે પ્લેટ વચ્ચેનું લંબઅંતર $d$ છે. તેમના પરનો વિદ્યુતભાર અનુક્રમે Q અને – Q છે.

➥ બંને પ્લેટ પર વિદ્યુતભારની પૃષ્ઠઘનતા અનુક્રમે $\sigma\left(=\frac{Q}{A}\right)$ અને – σ છે.

➥ અહીં બે પ્લેટ વચ્ચેનું અંતર એ પ્લેટોના ક્ષેત્રફળની સરખામણીમાં ઘણું જ ઓછું છે. ($d^2 << A$) પરિણામે બે પ્લેટો વચ્ચે વિદ્યુતક્ષેત્ર નિયમિત ગણી શકાય (જેથી પ્લેટ વડે ઉદ્ભવતું વિદ્યુતક્ષેત્ર મેળવવા માટે $\frac{\sigma}{2\varepsilon_0}$ સૂત્ર વાપરી શકાય.)

➥ પ્લેટ I ના ઉપરના ભાગમાં વિદ્યુતક્ષેત્ર

$$E' = \frac{\sigma}{2\varepsilon_0} - \frac{\sigma}{2\varepsilon_0} = 0$$

➥ પ્લેટ II ના નીચેના ભાગમાં વિદ્યુતક્ષેત્ર

$$E'' = \frac{\sigma}{2\varepsilon_0} - \frac{\sigma}{2\varepsilon_0} = 0$$

➥ બે પ્લેટ વચ્ચેના વિસ્તારમાં વિદ્યુતક્ષેત્ર

$$\therefore E = \frac{\sigma}{2\varepsilon_0} + \frac{\sigma}{2\varepsilon_0}$$

$$\therefore E = \frac{\sigma}{\varepsilon_0}$$

$$\therefore E = \frac{Q}{\varepsilon_0 A} \quad .... (1) \quad \left(\because \sigma = \frac{Q}{A}\right)$$

➥ આ વિદ્યુતક્ષેત્રની દિશા ધન પ્લેટથી ઋણ પ્લેટ તરફની છે. આ વિદ્યુતક્ષેત્ર બે પ્લેટની વચ્ચેના વિસ્તાર પૂરતું મર્યાદિત અને એ સમગ્ર વિસ્તારમાં એકસમાન છે.

**યાદ રાખો**

સીમિત ક્ષેત્રફળની પ્લેટો માટે આ બાબત પ્લેટોની બહારની સીમાઓ આગળ સત્ય રહેતી નથી. કિનારીઓ પાસે ક્ષેત્રરેખાઓ બહાર તરફ વળે છે. આ ઘટનાને Fringing of the Field કહે છે. આ જ લક્ષણથી σ સમગ્ર પ્લેટ પર એકસમાન નથી. આમ છતાં, $d^2 << A$ માટે કિનારીઓથી પૂરતા દૂરના વિસ્તારો માટે આ અસરો અવગણી શકાય છે.

➥ સમાન વિદ્યુતક્ષેત્ર માટે, બે પ્લેટ વચ્ચે વિદ્યુત સ્થિતિમાનનો તફાવત

$V = Ed$

➥ સમીકરણ (1) પરથી E નું મૂલ્ય મૂકતાં,

$V = \frac{Qd}{\varepsilon_0 A}$ .... (2)

➥ હવે, કેપેસિટન્સ $C = \frac{Q}{V}$

$\therefore C = \frac{Q}{\frac{Qd}{\varepsilon_0 A}}$ (સમીકરણ (2) પરથી)

$\therefore C = \frac{\varepsilon_0 A}{d}$

➥ જે સમાંતર પ્લેટ કેપેસિટર માટે કેપેસિટન્સનું સૂત્ર છે.

➥ સમાંતર પ્લેટ કેપેસિટરનું કેપેસિટન્સ પ્લેટના પરિમાણ પર અને બે પ્લેટ વચ્ચેના માધ્યમ પર આધાર રાખે છે.

**2.**

➥ આપેલ રકમ પરથી,

| | | |
|---|---|---|
| $T_0 = 0\ °C$ | $T_1 = 100\ °C$ | $R_2 = 5.795\ \Omega$ |
| $R_0 = 5\ \Omega$ | $R_1 = 5.23\ \Omega$ | $T_2 = ?$ |

➥ $R = R_0[1 + \alpha(T - T_0)]$ પરથી,

➥ પરંતુ અહીં, $T_0 = 0\ °C$

$\therefore R = R_0\ [1 + \alpha T]$

$\therefore R = R_0 + R_0\alpha T$

$\therefore R - R_0 = R_0\alpha T$ પરથી,

➥ $R_1 - R_0 = R_0\alpha T_1$ અને $R_2 - R_0 = R_0\alpha T_2$

$\therefore \frac{R_1 - R_0}{R_2 - R_0} = \frac{T_1}{T_2}$

$\therefore \frac{5.23 - 5}{5.795 - 5} = \frac{100}{T_2}$

$\therefore \frac{0.23}{0.795} = \frac{100}{T_2}$

$\therefore T_2 = \frac{0.795 \times 100}{0.23}$

$\therefore T_2 = 345.65\ °C$

**3.**

➥ સમાન ચુંબકીયક્ષેત્રમાં મૂકેલ ચુંબકીય સોય પર

લાગતું ટોર્ક $\vec{\tau} = \vec{m} \cdot \vec{B}$

જ્યાં, $\vec{m}$ - ચુંબકીય ડાઇપોલ મોમેન્ટ

$\vec{B}$ - બાહ્ય ચુંબકીયક્ષેત્ર

$\theta$ - $\vec{m}$ અને $\vec{B}$ વચ્ચેનો ખૂણો છે.

➥ આ અવસ્થામાંથી ચુંબકીય સોયને $d\theta$ જેટલા સૂક્ષ્મ કોણે સ્થાનાંતરિત કરવા માટેનું જરૂરી કાર્ય

$dW = \tau\, d\theta$

➥ કુલ કાર્ય $W = \int \tau\, d\theta$

$\therefore W = \int mB \sin\theta \, d\theta$

$\therefore W = mB \int \sin\theta \, d\theta$

$\therefore W = + mB (-\cos\theta)$

$\therefore W = - mB \cos\theta$

➥ આ કાર્ય સ્થિતિ ઊર્જાસ્વરૂપે સંગ્રહ પામે છે.

$\therefore U = - mB \cos\theta$

$\therefore U = - \vec{m} \cdot \vec{B}$

ખાસ કિસ્સા :

(i) જ્યારે ચુંબકીય સોય ક્ષેત્રને સમાંતર હોય ત્યારે $\theta = 0°$ થાય.

$\therefore$ સ્થિતિ ઊર્જા $U = - mB \cos 0$

$\therefore U = - mB$ ( લઘુતમ )

➥ જે ચુંબકીય સોયની મહત્તમ સ્થાયી સ્થિતિ દર્શાવે છે.

(ii) ચુંબકીય સોય એ ચુંબકીયક્ષેત્રને પ્રતિ સમાંતર હોય ત્યારે

$\theta = 180° (\pi)$

$\therefore$ સ્થિતિ ઊર્જા $U = - mB \cos\pi$

$\therefore U = mB$ ( મહત્તમ )

➥ જે ચુંબકીય સોયની મહત્તમ અસ્થાયી સ્થિતિ દર્શાવે છે.

(iii) જ્યારે ચુંબકીય સોય ક્ષેત્રને લંબરૂપે હોય ત્યારે $\theta = 90°$

$\therefore$ સ્થિતિ ઊર્જા $U = - mB \cos 90°$

$\therefore U = 0$

**4.**

➥ પ્રેરિત *emf* $\varepsilon = - L \frac{dI}{dt}$

જો $\frac{dI}{dt} = 1 \frac{A}{s}$ લેવામાં આવે, તો $\varepsilon = -L$

➥ “જો ગૂંચળામાંથી પસાર થતાં વિદ્યુતપ્રવાહના ફેરફારનો સમય દર એક એકમ હોય, તો ગૂંચળામાં પ્રેરિત થતાં *emf* ને આત્મપ્રેરિત *emf* કહે છે અને આ ઘટનાને ગૂંચળાનું આત્મપ્રેરકત્વ કહે છે.”

આત્મપ્રેરકત્વનું મૂલ્ય નીચેની બાબતો પર આધાર રાખે છે :

(1) ગૂંચળાના પરિમાણ

(2) ગૂંચળાના આકાર અને આંટાઓની સંખ્યા

(3) ગૂંચળા સાથે સંકળાયેલ ચુંબકીય ફ્લક્સ જે માધ્યમમાં પ્રવર્તતું હોય તે માધ્યમ પર.

➥ આત્મપ્રેરકત્વનો એકમ : હેન્રી (H), $\frac{Wb}{A}$, $\frac{Vs}{A}$

➥ પારિમાણિક સૂત્ર : $M^1L^2T^{-2}A^{-2}$

**5.**

➥ $L = 25$ mH

$V = 220$ V

$\upsilon = 50$ Hz

➥ ઇન્ડક્ટિવ રિએક્ટન્સ ($X_L$)

$X_L = \omega L = 2\pi\upsilon L$

Liberty

$\therefore X_L = 2 \times 3.14 \times 50 \times 25 \times 10^{-3}$

$\therefore X_L = 7850 \times 10^{-3}$

$= 7.85\ \Omega$

➥ પરિપથમાં પ્રવાહનું rms મૂલ્ય,

$\therefore I = \frac{V}{X_L}$

$\therefore I = \frac{220}{7.85}$

$\therefore I = 28$ A

**6.**

➥ આકૃતિમાં લેન્સની બે જુદી જુદી અવસ્થા A અને B દર્શાવેલ છે. આ દરેક વખતે પ્રતિબિંબ પડદા પર જ મળે છે.




➥ આકૃતિ પરથી,

$x + 20 + x = 90$

$\therefore 2x = 90 - 20$

$\therefore 2x = 70$

$\therefore x = 35$ cm

➥ જ્યારે લેન્સ A સ્થાને હોય ત્યારે,

વસ્તુ-અંતર $u = -x = -35$ cm

પ્રતિબિંબ-અંતર $\upsilon = 20 + x = 20 + 35 = 55$ cm

➥ લેન્સના સમીકરણ પરથી,

$\frac{1}{\upsilon} - \frac{1}{u} = \frac{1}{f}$

$\therefore \frac{1}{55} + \frac{1}{35} = \frac{1}{f}$

$\therefore \frac{35 + 55}{55 \times 35} = \frac{1}{f}$

$\therefore f = \frac{1925}{90}$

$\therefore f = 21.4$ cm

**7.**

➥ $E_i - E_f = 2.3\ eV$

પરંતુ $E_i - E_f = h\nu_{if}$

$\therefore \nu_{if} = \frac{E_i - E_f}{h}$

$$\therefore v_{if} = \frac{2.3 \times 1.6 \times 10^{-19}}{6.625 \times 10^{-34}}$$

$$\therefore v_{if} = 5.6 \times 10^{14} \text{ Hz}$$

**8.**

➥ દરેક ન્યુક્લિયસ પ્રોટોન અને ન્યુટ્રોનનું બનેલું છે. આથી, એમ કહી શકાય કે, ન્યુક્લિયસનું કુલ દળ તેના પ્રોટોન અને ન્યુટ્રોનના વ્યક્તિગત દળોના કુલ દળ જેટલું જ હોય.

➥ પરંતુ ન્યુક્લિયસનું દળ M હંમેશાં પ્રોટોન અને ન્યુટ્રોનના વ્યક્તિગત દળોના કુલ દળ કરતાં ઓછું જ હોય છે.

➥ ઉદાહરણ : ${}_8O^{16}$ કે જેમાં 8-પ્રોટોન, 8-ન્યુટ્રોન અને 8-ઇલેક્ટ્રોન આવેલા છે.

8 ન્યુટ્રોનનું દળ $= 8 \times 1.00866\ u$

8 પ્રોટોનનું દળ $= 8 \times 1.00727\ u$

8 ઇલેક્ટ્રોનનું દળ $= 8 \times 0.00055\ u$

➥ આ માહિતી પરથી, ${}_8O^{16}$ ન્યુક્લિયસનું દળ

$= (8 \times 1.00866 + 8 \times 1.00727)$

$= 8(1.00866 + 1.00727)$

$= 8 \times 2.01593\ u$

$= 16.12744\ u$ (મળવું જોઈએ.)

➥ માસ-સ્પેક્ટ્રોગ્રાફીના પ્રયોગો પરથી, ${}_8O^{16}$ નું પરમાણુ દળ $15.99493\ u$ મળે છે.

➥ આ દળમાંથી 8 ઇલેક્ટ્રોનનું દળ ($8 \times 0.00055\ u = 0.0044\ u$) બાદ કરતાં, ${}_8O^{16}$ ન્યુક્લિયસના દળનું પ્રાયોગિક મૂલ્ય $15.99053\ u$ મળે છે.

➥ આમ, ન્યુક્લિયસનું દળ એ તેના ઘટકોના કુલ દળ કરતાં $(16.12744 - 15.99053) = 0.13691\ u$ ઓછું છે. ન્યુક્લિયસના દળ અને તેના ઘટકોના કુલ દળ વચ્ચેના તફાવતને દળ ક્ષતિ ($\Delta M$) કહે છે.

➥ દળ ક્ષતિનું સૂત્ર

$\Delta M = [Zm_p + (A - Z)m_n] - M$

જ્યાં, Z = પ્રોટોનની સંખ્યા

A – Z = N - ન્યુટ્રોનઆંક

$m_p$ - પ્રોટોનનું દળ

$m_n$ - ન્યુટ્રોનનું દળ

M - ન્યુક્લિયસનું કુલ દળ

➥ આ દળ ક્ષતિને સમતુલ્ય ઊર્જા ($E = \Delta Mc^2$) ને ન્યુક્લિયસની બંધનઊર્જા કહે છે.

$\therefore$ બંધનઊર્જા $E_b = \Delta Mc^2$

➥ બંધનઊર્જાને ન્યુક્લિયોનની કુલ સંખ્યા વડે ભાગતાં ન્યુક્લિયોન દીઠ બંધનઊર્જા $E_{bn}$ મળે છે.

$$\therefore E_{bn} = \frac{E_b}{A}$$

➥ ન્યુક્લિયોન દીઠ બંધનઊર્જા ન્યુક્લિયસની સ્થિરતાનું માપ આવે છે. જે ન્યુક્લિયસ માટે $E_{bn}$ નું મૂલ્ય સરખામણીમાં વધુ હોય તે ન્યુક્લિયસ વધુ સ્થાયી કહેવાય અને જે ન્યુક્લિયસ માટે $E_{bn}$ નું મૂલ્ય સરખામણીમાં ઓછું હોય તે ન્યુક્લિયસ ઓછો સ્થાયી કહેવાય.

**9.**

➥ (1) વિદ્યુતભારનું રેખીય વિતરણ :

➥ "કોઈ રેખા પર સતત વિદ્યુતભાર હોય, તો તેને વિદ્યુતભારનું રેખીય વિતરણ કહે છે."

➥ વિદ્યુતભારિત રેખા પર એકમ લંબાઈદીઠ વિદ્યુતભારને વિદ્યુતભારની રેખીય ઘનતા કહે છે. ધારો કે, $l$ લંબાઈની રેખા પર Q જેટલો કુલ વિદ્યુતભાર આવેલ છે.

$\therefore$ વિદ્યુતભારની રેખીય ઘનતા $\lambda = \frac{\text{કુલ વિદ્યુતભાર}}{\text{લંબાઈ}}$

$\lambda = \frac{Q}{l}$

➥ રેખીય ઘનતાનો SI એકમ C/m.

➥ (2) વિદ્યુતભારનું પૃષ્ઠ વિતરણ :

➥ કોઈ પૃષ્ઠ પર સતત પથરાયેલા વિદ્યુતભાર ને વિદ્યુતભારનું પૃષ્ઠ વિતરણ કહે છે.

➥ પૃષ્ઠ પર એકમ ક્ષેત્રફળદીઠ વિદ્યુતભાર ને વિદ્યુતભારની પૃષ્ઠઘનતા કહે છે, તેને $\sigma$ વડે દર્શાવાય છે.

➥ ધારો કે, A ક્ષેત્રફળ ધરાવતાં પૃષ્ઠ પર Q જેટલો વિદ્યુતભાર આવેલ છે.

$\therefore$ વિદ્યુતભારની પૃષ્ઠઘનતા $\sigma = \frac{\text{કુલ વિદ્યુતભાર}}{\text{ક્ષેત્રફળ}}$

$\sigma = \frac{Q}{A}$

➥ તેનો SI એકમ $C/m^2$

➥ (3) વિદ્યુતભારનું કદ વિતરણ :

➥ કોઈ કદમાં સતત પથરાયેલા વિદ્યુતભારને કદ વિદ્યુતભાર વિતરણ કહે છે.

➥ કોઈ પદાર્થ પર એકમ કદદીઠ વિદ્યુતભારને વિદ્યુતભારની કદ ઘનતા કહે છે, તેને $\rho$ વડે દર્શાવાય છે.

➥ ધારો કે, કોઈ પદાર્થ પર V જેટલા કદમાં Q જેટલો વિદ્યુતભાર આવેલ છે.

$\therefore$ કદ ઘનતા $\rho = \frac{\text{કુલ વિદ્યુતભાર}}{\text{કદ}}$

$\rho = \frac{Q}{V}$

➥ તેનો SI એકમ $C/m^3$ છે.

**10.**

➥




➥ આકૃતિમાં દર્શાવ્યા અનુસાર, MN એ પરાવર્તક સપાટી છે. આ સપાટી પર કોઈ સમતલ તરંગઅગ્ર AB એ $i$ જેટલા કોણે આપાત થાય છે. ($i$ – આપાતકોણ)

➥ આપેલા માધ્યમમાં તરંગ ઝડપ $\upsilon$ છે. તરંગઅગ્રને બિંદુ B થી C સુધી પહોંચવા માટે $\tau$ જેટલો સમય લાગે છે. પરિણામે $BC = \upsilon\tau$ થશે.

➥ પરાવર્તિત તરંગઅગ્ર રચવા માટે આકૃતિમાં દર્શાવ્યા અનુસાર A બિંદુને કેન્દ્ર તરીકે લઈ $\upsilon\tau$ ત્રિજ્યા ધરાવતો ગોળો દોરવામાં આવે છે.

➥ બિંદુ C માંથી આ ગોળાને સ્પર્શક દોરતાં તે E બિંદુમાંથી પસાર થાય છે. CE એ પરાવર્તિત તરંગઅગ્ર દર્શાવે છે.

➥ સ્વાભાવિક રીતે જ $AE = BC = \upsilon\tau$ મળે છે.

➥ આકૃતિ પરથી આપાત અને પરાવર્તિત તરંગઅગ્ર એ પરાવર્તક સપાટી MN સાથે અનુક્રમે $i$ અને $r$ કોણ બનાવે છે.

➥ આકૃતિ પરથી,

$\Delta AEC$ અને $\Delta ABC$માં AC એ સામાન્ય બાજુ છે.

$\angle AEC = \angle ABC = \frac{\pi}{2}$

તેમજ $AE = BC = \upsilon\tau$

➥ આ હકીકત દર્શાવે છે કે, $\Delta AEC$ અને $\Delta ABC$ સમરૂપ છે.

➥ આ પરથી $i = r$ મળે છે. જે પરાવર્તનનો નિયમ છે.

➥ આમ, હાઇગેન્સના સિદ્ધાંત પરથી પરાવર્તન સમજી શકાય છે.

**11.**

➥ (i) વિકિરણની દ્રવ્ય સાથેની આંતરક્રિયા દરમિયાન, વિકિરણ જાણે કણ હોય તેમ વર્તે છે, જેને ફોટોન કહે છે.

➥ (ii) દરેક ફોટોનની ઊર્જા $E = h\nu = \frac{hc}{\lambda}$ છે. દરેક ફોટોનનું વેગમાન, $p = \frac{h\nu}{c}$ છે.

➥ (iii) જો કોઈ વિકિરણની આવૃત્તિ $\nu$ અને તરંગલંબાઈ $\lambda$ અચળ હોય, તો તેની ઊર્જા $E = h\nu = \frac{hc}{\lambda}$ અને વેગમાન $p = \frac{h\nu}{c}$ અચળ રહે છે.

- જો વિકિરણની તીવ્રતામાં ફેરફાર કરવામાં આવે, તો એકમ સમયમાં ઉત્સર્જાતા (કે આપાત થતા) ફોટોનની સંખ્યામાં ફેરફાર થાય છે, પણ ઊર્જા અચળ જ રહે છે.

➥ (iv) ફોટોન વિદ્યુતની દૃષ્ટિએ તટસ્થ છે અને તેના પર વિદ્યુત કે ચુંબકીય ક્ષેત્રની અસર થતી નથી.

➥ (v) ફોટોન-કણ સંઘાત (અથડામણ) દરમિયાન ઊર્જા અને વેગમાનનું સંરક્ષણ થાય છે, પણ આ દરમિયાન ફોટોનની સંખ્યાનું સંરક્ષણ ન પણ થાય.

- સંઘાત દરમિયાન ફોટોનની સંખ્યામાં ઘટાડો થઈ શકે જેમ કે, ફોટોઇલેક્ટ્રિક ઉત્સર્જનમાં ફોટોનની સંખ્યા ઘટે છે અને ઇલેક્ટ્રોનનું ઉત્સર્જન થાય છે.
- સંઘાત દરમિયાન ફોટોનની સંખ્યામાં વધારો પણ થઈ શકે. જેમ કે, વધુ ઊર્જા ધરાવતા ઇલેક્ટ્રોનને Mo (મોલિબ્ડેનમ) જેવી ધાતુ પર આપાત કરતાં તેમાંથી ક્ષ-કિરણો (ફોટોન્સ) ઉત્સર્જાય છે.

Liberty

**12.**

➥

| | $p$ પ્રકારના અર્ધવાહકો | $n$ પ્રકારના અર્ધવાહકો |
|---|---|---|
| 1. | શુદ્ધ અર્ધવાહકમાં ટ્રાયવેલેન્ટ અશુદ્ધિ ઉમેરવામાં આવે છે. | શુદ્ધ અર્ધવાહકમાં પેન્ટાવેલેન્ટ અશુદ્ધિ ઉમેરવામાં આવે છે. |
| 2. | ઉદા. બોરોન, એલ્યુમિનિયમ, ઇન્ડિયમ | ઉદા. ફોસ્ફરસ, એન્ટિમની, આર્સેનિક |
| 3. | મેજોરિટી ચાર્જ કેરિયર તરીકે હોલ અને માઇનોરિટી ચાર્જ કેરિયર તરીકે મુક્ત ઇલેક્ટ્રોન આવેલા હોય છે. | મેજોરિટી ચાર્જ કેરિયર તરીકે મુક્ત ઇલેક્ટ્રોન અને માઇનોરિટી ચાર્જ કેરિયર તરીકે હોલ આવે છે. |
| 4. | $n_h >> n_e$ | $n_e >> n_h$ |
| 5. | વિદ્યુતવહન મુખ્યત્વે હોલના કારણે થાય છે. | વિદ્યુતવહન મુખ્યત્વે મુક્ત ઇલેક્ટ્રોનની ગતિના કારણે થાય છે. |

## વિભાગ B

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

**13.**

➥ $l = 8 \text{ cm} = 8 \cdot 10^{-2} \text{ m}$

$b = 2 \text{ cm} = 2 \cdot 10^{-2}$ m

$B = 0.3$ T

$\upsilon = 1 \text{ cm/s} = 1 \cdot 10^{-2}$ m/s

(a) ગાળાનો વેગ લાંબી બાજુને લંબરૂપે હોય




- લૂપમાં પ્રેરિત થતું *emf*

$\varepsilon = B\upsilon l$

$\therefore \varepsilon = 0.3 \cdot 1 \cdot 10^{-2} \cdot 8 \cdot 10^{-2}$

$\therefore \varepsilon = 2.4 \cdot 10^{-4}$ V

$\therefore \varepsilon = 0.24$ mV

- જ્યાં સુધી નાની બાજુ ચુંબકીયક્ષેત્રમાંથી સંપૂર્ણપણે બહાર ન નીકળી જાય ત્યાં સુધી લૂપમાં પ્રેરિત *emf* ઉત્પન્ન થાય છે.
- ધારો કે પ્રેરિત *emf* $t$ સમય સુધી ઉદ્‌ભવે છે.

- $\therefore \upsilon = \dfrac{b}{t}$ પરથી
- $t = \dfrac{b}{\upsilon} = \dfrac{2 \times 10^{-2}}{1 \times 10^{-2}}$
- $\therefore t = 2$ s
- (b) ગાળાનો વેગ ટૂંકી બાજુને લંબરૂપે હોય




- લૂપમાં પ્રેરિત થતું *emf*

$\varepsilon = B\upsilon b$

$\therefore \varepsilon = 0.3 \cdot 1 \cdot 10^{-2} \cdot 2 \cdot 10^{-2}$

$\therefore \varepsilon = 0.6 \cdot 10^{-4}$ V

$\therefore \varepsilon = 0.06$ mV

- જ્યાં સુધી મોટી બાજુ ચુંબકીયક્ષેત્રમાંથી સંપૂર્ણપણે બહાર ન નીકળી જાય ત્યાં સુધી લૂપમાં *emf* પ્રેરિત થાય છે.
- પ્રેરિત *emf* નો સમય ($t$)

$\therefore \upsilon = \dfrac{l}{t}$ પરથી

$t = \dfrac{l}{\upsilon} = \dfrac{8 \times 10^{-2}}{1 \times 10^{-2}}$

$\therefore t = 8$ s

**14.**




(a) (b)

➥ C = 600 pF

$V = 200$ V

➥ પ્રારંભિક અવસ્થામાં કેપેસિટરમાં સંગ્રહિત ઊર્જા

$$U_1 = \frac{1}{2} CV^2$$

$$U_1 = \frac{1}{2} \times 600 \times 10^{-12} \times (200)^2$$

$$U_1 = 12 \times 10^{-6} \text{ J}$$

➥ કેપેસિટર પરનો વિદ્યુતભાર

$$Q = CV$$

$$\therefore Q = 600 \times 10^{-12} \times 200$$

$$\therefore Q = 12 \times 10^{-8} \text{ C}$$

➥ આકૃતિ (b) માં દર્શાવ્યા મુજબ, બેટરી દૂર કરી બીજું 600 *p*F નું વિદ્યુતભારવિહીન કેપેસિટરને જોડતાં વિદ્યુતભાર બંને કેપેસિટર પર સમાન રીતે વહેંચાય છે. પરિણામે દરેક કેપેસિટરનો વિદ્યુતભાર $\frac{Q}{2}$ થાય, પરંતુ કુલ વિદ્યુતભાર Q અચળ રહે છે.

➥ આકૃતિ (b) માં દર્શાવેલ સમાંતર જોડાણ માટે સમતુલ્ય કેપેસિટન્સ C’ = 2C થાય.

➥ અંતિમ અવસ્થામાં તંત્ર વડે સંગ્રહાયેલી કુલ ઊર્જા

$$U' = \frac{Q^2}{2C'}$$

$$\therefore U' = \frac{Q^2}{2(2C)}$$

$$\therefore U' = \frac{(12 \times 10^{-8})^2}{4 \times 600 \times 10^{-12}}$$

$$\therefore U' = \frac{144 \times 10^{-16}}{4 \times 6 \times 10^{-10}}$$

$$\therefore U' = 6 \times 10^{-6} \text{ J}$$

➥ પ્રક્રિયા દરમિયાન ગુમાવાતી ઊર્જા

$$\Delta U = U - U'$$

$$= 12 \times 10^{-6} - 6 \times 10^{-6}$$

$$\Delta U = 6 \times 10^{-6} \text{ J}$$

**15.**

➥ $B = 6 \times 10^{-4}$ T $\upsilon = 3 \times 10^7$ m/s

$m = 9 \times 10^{-31}$ kg $q = 1.6 \times 10^{-19}$ C

$1eV = 1.6 \times 10^{-19}$ J

(i) ગતિમાર્ગની ત્રિજ્યા ($r$)

$$r = \frac{m\upsilon}{qB}$$

$$\therefore r = \frac{9 \times 10^{-31} \times 3 \times 10^7}{1.6 \times 10^{-19} \times 6 \times 10^{-4}}$$

$$\therefore r = \frac{9 \times 3}{1.6 \times 6} \times 10^{-1}$$

$$\therefore r = 2.812 \times 10^{-1} \text{ m}$$

$$\therefore r = 28.12 \text{ cm}$$

(ii) આવૃત્તિ ($v$)

$$v = \frac{qB}{2\pi m}$$

$$\therefore v = \frac{1.6 \times 10^{-19} \times 6 \times 10^{-4}}{2 \times 3.14 \times 9 \times 10^{-31}}$$

$$\therefore v = \frac{1.6 \times 6}{2 \times 3.14 \times 9} \times 10^{8}$$

$$\therefore v = 0.17 \times 10^{8}$$

$$\therefore v = 17 \times 10^{6} \text{ Hz}$$

$= 17$ MHz

(iii) ગતિઊર્જા

$$K = \frac{1}{2} m\upsilon^2$$

$$\therefore K = \frac{1}{2} \times 9 \times 10^{-31} \times (3 \times 10^{7})^2$$

$$\therefore K = \frac{1}{2} \times 9 \times 10^{-31} \times 9 \times 10^{14}$$

$$\therefore K = 40.5 \times 10^{-17} \text{ J}$$

$$\therefore K = \frac{40.5 \times 10^{-17}}{1.6 \times 10^{-19}} eV$$

$$\therefore K = 25.3 \times 10^{2}$$

$= 2.53$ *ke*V

**16.**

➥ 

(a) (b)

Liberty

➥ આકૃતિ (a)માં દર્શાવ્યા અનુસાર, પાણી ભરેલાં છીછરા પાત્રમાં બે સોય $S_1$ અને $S_2$ ને ગોઠવવામાં આવે છે. તેમને ઉપર-નીચેની દિશામાં સમાન રીતે પાણીની સપાટીને અડકે તેમ આવર્તગતિ કરાવવામાં આવે છે.

➥ અહીં, $S_1$ અને $S_2$ એ સુસંબદ્ધ ઉદ્‌ગમ તરીકે વર્તે છે.

➥ આકૃતિ (b)માં દર્શાવ્યા અનુસાર, માધ્યમમાં (પાણીમાં) કોઈ R બિંદુનો વિચાર કરો કે, જેના માટે $S_2R - S_1R = -2.5\ \lambda$ થાય.

➥ ઉદ્‌ગમ $S_1$ માંથી ઉત્પન્ન તરંગો $S_2$ માંથી ઉત્પન્ન તરંગો કરતાં બરાબર 2.5 આવર્ત મોડા પહોંચે છે, જેથી $S_2$ માંથી આવતું તરંગ કળામાં $5\pi$ જેટલું આગળ હશે.

➥ પરિણામે $S_1$ ના કારણે ઉત્પન્ન થતું સ્થાનાંતર,

$$y_1 = a \cos \omega t$$

➥ $S_2$ ના કારણે ઉત્પન્ન થતું સ્થાનાંતર,

$$y_2 = a \cos (\omega t + 5\pi)$$

$$y_2 = -a \cos \omega t$$

➥ R બિંદુ પાસે પરિણામી સ્થાનાંતર,

$$y = y_1 + y_2$$

$$\therefore y = a \cos \omega t - a \cos \omega t$$

$$\therefore y = 0$$

➥ પરિણામી સ્થાનાંતર શૂન્ય હોવાથી R બિંદુ પાસે પરિણામી તીવ્રતા શૂન્ય મળે છે. (અહીં, બંને સ્થાનાંતર એકબીજાથી વિરુદ્ધ કળામાં છે તેમ કહેવાય) જેને વિનાશક વ્યતિકરણ કહે છે.

**17.**

➥ $v = 3 \times 10^4$ m/s, $m = 6 \times 10^{24}$ kg, $r = 1.5 \times 10^{11}$ m

➥ બોહ્રના અધિતર્ક અનુસાર કોણીય વેગમાન

$$mvr = \frac{nh}{2\pi}$$

$$\therefore n = \frac{2\pi mvr}{h}$$

$$\therefore n = \frac{2 \times 3.14 \times 6 \times 10^{24} \times 3 \times 10^4 \times 1.5 \times 10^{11}}{6.625 \times 10^{-34}}$$

$$\therefore n = 2.6 \times 10^{74}$$

**18.**

➥ (a) ઇલેક્ટ્રોનની ઝડપ $v = 5.4 \times 10^6$ m/s

ઇલેક્ટ્રોનનું દળ $m = 9.1 \times 10^{-31}$ kg

➠ ઇલેક્ટ્રોનની ગતિ સાથે સંકળાયેલી ડિ-બ્રોગ્લી તરંગલંબાઈ

$$\lambda = \frac{h}{p} = \frac{h}{mv} \quad (\because p = mv)$$

$$\therefore \lambda = \frac{6.63 \times 10^{-34}}{9.1 \times 10^{-31} \times 5.4 \times 10^{6}}$$

$$\therefore \lambda = 0.13492 \times 10^{-9}$$

$$\therefore \lambda = 0.135 \text{ nm}$$

➥ (b) બોલની ઝડપ $v = 30.0$ m/s

બોલનું દળ $m = 150$ g $= 150 \times 10^{-3}$ kg

➠ બોલની ગતિ સાથે સંકળાયેલી ડિ-બ્રોગ્લી તરંગલંબાઈ,

$$\lambda = \frac{h}{p} = \frac{h}{mv}$$

$$\therefore \lambda = \frac{6.63 \times 10^{-34}}{150 \times 10^{-3} \times 30}$$

$$\lambda = 0.001473 \times 10^{-31}$$

$$\lambda = 1.473 \times 10_{-34} \text{ m}$$

**19.**

➥ E = 2.0 × 104 N/C υ0 = 0

$d = 1.5 \times 10^{-2}$ m

➥ વિદ્યુતક્ષેત્રના કારણે લાગતું બળ

$$F = qE \therefore ma = qE \therefore a = \frac{qE}{m}$$

➥ અચળ પ્રવેગી રેખીય ગતિના સમીકરણ પરથી,

$$\therefore d = \upsilon_0 t + \frac{1}{2} at^2$$

$$\therefore d = 0 + \frac{1}{2} at^2$$

$$\therefore d = \frac{1}{2} \frac{qE}{m} t^2$$

$$\therefore t^2 = \frac{2md}{qE}$$

$$\therefore t = \sqrt{\frac{2md}{qE}} \quad \dots (1)$$

➥ ઇલેક્ટ્રોનને લાગતો સમય (te) સમીકરણ (1) પરથી,

$$t_e = \sqrt{\frac{2m_e d}{eE}}$$

$$\therefore t_e = \sqrt{\frac{2 \times 9.1 \times 10^{-31} \times 1.5 \times 10^{-2}}{1.6 \times 10^{-19} \times 2 \times 10^{4}}}$$

$$\therefore t_e = 2.92 \times 10^{-9} \text{ s}$$

$$\therefore t_e = 2.92 \text{ ns}$$

➥ પ્રોટોનને લાગતો સમય (tp) સમીકરણ (1) પરથી,

$$t_p = \sqrt{\frac{2m_p d}{eE}}$$

$$\therefore t_p = \sqrt{\frac{2 \times 1.67 \times 10^{-27} \times 1.5 \times 10^{-2}}{1.6 \times 10^{-19} \times 2 \times 10^{4}}}$$

$$\therefore t_p = 1.26 \times 10^{-7} \text{ s}$$

$$\therefore t_p = 126 \; ns$$

➥ આમ, પ્રોટોનને લાગતો સમય વધુ હશે.

(b) પ્રોટોનમાં ઉદ્‌ભવતો પ્રવેગ

$$a_p = \frac{eE}{m_p}$$

$$\therefore a_p = \frac{1.6 \times 10^{-19} \times 2 \times 10^{4}}{1.67 \times 10^{-27}}$$

$$\therefore a_p \approx 1.9 \times 10^{12} \text{ m/s}^2$$

➥ ઇલેક્ટ્રોનમાં ઉદ્‌ભવતો પ્રવેગ

$$\therefore a_e = \frac{eE}{m_e}$$

$$\therefore a_e = \frac{1.6 \times 10^{-19} \times 2 \times 10^{4}}{9.1 \times 10^{-31}}$$

$$\therefore a_e = 0.35 \times 10^{16} \text{ m/s}^2$$

$$\therefore a_e = 3.5 \times 10^{15} \text{ m/s}^2$$

➥ અહીં, ઇલેક્ટ્રોન અને પ્રોટોનમાં ઉદ્‌ભવતા પ્રવેગનું મૂલ્ય ગુરુત્વ પ્રવેગ કરતાં ઘણું જ વધુ હોવાથી અહીં ગુરુત્વ પ્રવેગ અવગણી શકાય છે.

**20.**

➥ 


$\upsilon = \upsilon_m \, sin \; \omega t$

➥ આકૃતિમાં દર્શાવ્યા મુજબ, કેપેસિટર સાથે AC પ્રાપ્તિસ્થાન જોડવામાં આવે છે.

➥ આ પ્રાપ્તિસ્થાનનો વોલ્ટેજ $\upsilon = \upsilon_m \, sin \; \omega t$ ..... (1)

➥ ધારો કે, કોઈ $t$ સમયે કેપેસિટર પરનો વિદ્યુતભાર $q$ છે.

➥ બંધ પરિપથ પર કિર્ચોફનો બીજો નિયમ લાગુ પાડતાં,

$$\upsilon = \frac{q}{C}$$

$$\therefore \upsilon_m \, sin \; \omega t = \frac{q}{C}$$

$$\therefore q = \upsilon_m \cdot C \; sin \; \omega t$$

➥ વિદ્યુતપ્રવાહ મેળવવા માટે સમીકરણનું સમય $t$ ની સાપેક્ષ વિકલન કરતાં,

$$\therefore \frac{dq}{dt} = \upsilon_m C \frac{d}{dt}(\sin \omega t)$$

$$\therefore i = \upsilon_m \omega C \cos \omega t$$

$$\therefore i = \upsilon_m \omega C \sin\left(\omega t + \frac{\pi}{2}\right)$$

$$\therefore i = \frac{\upsilon_m}{\frac{1}{\omega C}} \sin\left(\omega t + \frac{\pi}{2}\right)$$

$$\therefore i = i_m \sin\left(\omega t + \frac{\pi}{2}\right) \quad ..... (2)$$

જ્યાં, $i_m = \frac{\upsilon_m}{\frac{1}{\omega C}}$ (વિદ્યુતપ્રવાહનો કંપવિસ્તાર)

➥ આ સમીકરણ માત્ર અવરોધ ધરાવતાં પરિપથ માટેના

$i_m = \frac{\upsilon_m}{R}$ જેવું છે.

➥ આમ, $\frac{1}{\omega C}$ એ અવરોધના જેવો જ ભાગ છે.

➥ તેને કેપેસિટિવ રિએક્ટન્સ કહે છે.

➥ તેને $X_C$ વડે દર્શાવાય છે.

$\therefore X_C = \frac{1}{\omega C}$ (એકમ : ઓહમ $\Omega$)

➥ તેથી વિદ્યુતપ્રવાહનો કંપવિસ્તાર $i_m = \frac{\upsilon_m}{X_C}$

➥ સમીકરણ (1) અને (2) પરથી કહી શકાય કે, પ્રવાહ એ વોલ્ટેજ કરતાં કળામાં $\frac{\pi}{2}$ જેટલો આગળ છે.

**21.**

➥ $f = -21$ cm (અંતર્ગોળ લેન્સની કેન્દ્રલંબાઈ ઋણ)

$u = -14$ cm

$h = 3$ cm

➥ લેન્સના સૂત્ર પરથી,

$$\frac{1}{\upsilon} - \frac{1}{u} = \frac{1}{f}$$

$$\therefore \frac{1}{\upsilon} = \frac{1}{f} + \frac{1}{u}$$

$$\therefore \frac{1}{\upsilon} = \frac{-1}{21} - \frac{1}{14}$$

$$\therefore \frac{1}{\upsilon} = \frac{-2-3}{42}$$

$$\therefore \upsilon = -\frac{42}{5} = -8.4 \text{ cm}$$

➥ અહીં, $\upsilon$ ઋણ મળે છે જે દર્શાવે છે કે, પ્રતિબિંબ વસ્તુ તરફ આભાસી અને ચત્તું મળે છે.

➥ મોટવણી $m = \frac{\upsilon}{u}$

$$\therefore m = \frac{-8.4}{-14}$$

$$\therefore m = 0.6$$

➥ $|m| < 1$ હોવાથી પ્રતિબિંબ વસ્તુ કરતાં નાનું મળે છે.

$m = \frac{h'}{h}$

$\therefore 0.6 = \frac{h'}{3}$

$\therefore h' = 1.8$ cm

➥ પ્રતિબિંબ-ઊંચાઈ 1.8 cm મળે છે.

➥ જો વસ્તુને લેન્સથી દૂર લઈ જવામાં આવે, તો પ્રતિબિંબ લેન્સથી દૂર મુખ્ય કેન્દ્ર તરફ ખસે છે.

➥ જ્યારે વસ્તુ અનંત અંતરે પહોંચે ત્યારે પ્રતિબિંબ લેન્સના મુખ્ય કેન્દ્ર પર મળે છે.

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

**22.**




➥ આકૃતિમાં જુદી જુદી ભુજાઓમાં વહેતા વિદ્યુતપ્રવાહ અને તેની દિશા દર્શાવેલ છે.




➥ A – B – D – A બંધગાળા પર કિર્ચોફનો લૂપનો નિયમ લાગુ પાડતાં,

$-10\,I_1 - 5\,I_2 + 5(I - I_1) = 0$

➥ સમીકરણ '5' વડે ભાગતાં

$\therefore -2\,I_1 - I_2 + I - I_1 = 0$

$\therefore I - 3\,I_1 - I_2 = 0$ .... (1)

➥ B – C – D – B બંધગાળા પર કિર્ચોફનો લૂપનો નિયમ લાગુ પાડતાં,

$-5\,(I_1 - I_2) + 10(I - I_1 + I_2) + 5\,I_2 = 0$

➥ સમીકરણ '5' વડે ભાગતાં

$\therefore -(I_1 - I_2) + 2(I - I_1 + I_2) + I_2 = 0$

$\therefore -I_1 + I_2 + 2I - 2I_1 + 2I_2 + I_2 = 0$

$\therefore 2I - 3I_1 + 4I_2 = 0$ .... (2)

➥ A – B – C – Y – X – A બંધગાળા પર કિર્ચોફનો લૂપનો નિયમ લાગતાં,

$-10\,I_1 - 5(I_1 - I_2) + 10 - 10\,I = 0$

➥ સમીકરણ '5' વડે ભાગતાં

$\therefore -2\,I_1 - (I_1 - I_2) + 2 - 2\,I = 0$

$\therefore -2\,I_1 - I_1 + I_2 + 2 - 2\,I = 0$

$\therefore -2\,I - 3\,I_1 + I_2 = -2$

$\therefore 2\,I + 3\,I_1 - I_2 = 2 \;....\; (3)$

➥ સમીકરણ (1) માંથી સમીકરણ (2) બાદ કરતાં,

➥ $I - 3\,I_1 - I_2 = 0$

$2I - 3\,I_1 + 4I_2 = 0$

$-\quad +\quad -$

$\therefore \; -I - 5I_2 = 0$

$\therefore \; I + 5I_2 = 0 \quad .... (4)$

➥ સમીકરણ (2) અને સમીકરણ (3) નો સરવાળો કરતાં,

$\therefore \; 2I - 3\,I_1 + 4I_2 = 0$

$2I + 3\,I_1 - I_2 = 2$

$\therefore \; 4I + 3\,I_2 = 2 \quad .... (5)$

➥ સમીકરણ (4) ને 4 વડે ગુણી સમી. (5) માંથી બાદ કરતાં,

➥ $4I + 20\,I_2 = 0$

$4I + 3\,I_2 = 2$

$-\quad -\quad -$

$17\,I_2 = -2$

$\therefore \; I_2 = -\frac{2}{17}$ A

➥ $I_2$ નું મૂલ્ય સમીકરણ (4) માં મૂકતાં,

$\therefore I + 5\left(-\frac{2}{17}\right) = 0$

$\therefore I = \frac{10}{17}$ A

➥ $I = \frac{10}{17}$ A અને $I_2 = -\frac{2}{17}$ A કિંમત સમી. (1) માં મૂકતાં,

$\therefore \frac{10}{17} - 3(I_1) - \left(-\frac{2}{17}\right) = 0$

$\therefore \frac{10}{17} + \frac{2}{17} = 3\,I_1$

$\therefore \frac{12}{17} = 3\,I_1$

$\therefore I_1 = \frac{4}{17}$ A

➥ AB ભુજામાં વહેતો પ્રવાહ $I_1 = \frac{4}{17}$ A

BD ભુજામાં વહેતો પ્રવાહ $I_2 = -\frac{2}{17}$ A

➥ અહીં ઋણ નિશાની દર્શાવે છે કે, ખરેખર વિદ્યુતપ્રવાહ આપણે ધ્યાનમાં લીધેલ પ્રવાહ કરતાં વિરુદ્ધ દિશામાં એટલે કે D થી B તરફ વહે છે.

➥ BC ભુજામાંથી વહેતો વિદ્યુતપ્રવાહ,

$I_1 - I_2 = \frac{4}{17} - \left(-\frac{2}{17}\right)$

$\therefore I_1 - I_2 = \frac{4+2}{17}$

$\therefore = \frac{6}{17}$ A

➥ DC ભુજામાંથી વહેતો વિદ્યુતપ્રવાહ,

$I - I_1 + I_2 = \frac{10}{17} - \frac{4}{17} + \left(-\frac{2}{17}\right)$

$= \frac{10-4-2}{17}$

$= \frac{4}{17}$ A

➥ AD ભુજામાંથી વહેતો વિદ્યુતપ્રવાહ,

$I - I_1 = \frac{10}{17} - \frac{4}{17}$

$= \frac{6}{17}$ A

**23.**

➥ AC પ્રાપ્તિસ્થાનનો વોલ્ટેજ $\upsilon = \upsilon_m \sin \omega t$

➥ માત્ર ઇન્ડક્ટર ધરાવતાં AC પરિપથ માટે વિદ્યુતપ્રવાહ $i = i_m \sin\left(\omega t - \frac{\pi}{2}\right)$ મળે છે.

➥ આ બંને સમીકરણની સરખામણી દર્શાવે છે કે, પ્રવાહ એ વોલ્ટેજ કરતાં કળામાં $\frac{\pi}{2}$ જેટલો (અથવા એક ચતુર્થાંશ ચક્ર) જેટલો પાછળ છે.




➥ આકૃતિમાં કોઈ સમય $t_1$ માટે વોલ્ટેજ અને પ્રવાહના ફેઝર દર્શાવેલ છે. પ્રવાહ ફેઝર $\vec{I}$ એ વોલ્ટેજ ફેઝર $\vec{V}$ કરતાં $\frac{\pi}{2}$ જેટલો પાછળ છે.

➥ જ્યારે તેમને કોણીય આવૃત્તિ (ω) સાથે વિષમઘડી દિશામાં ભ્રમણ કરાવવામાં આવે ત્યારે સમીકરણ

$\upsilon = \upsilon_m \sin \omega t$ અને $i = i_m \sin\left(\omega t - \frac{\pi}{2}\right)$ દ્વારા રજૂ

થતાં અનુક્રમે વોલ્ટેજ અને પ્રવાહ રચાય છે.

➥ AC પ્રાપ્તિસ્થાનનો વોલ્ટેજ $\upsilon = \upsilon_m \sin \omega t$

➥ માત્ર ઇન્ડક્ટર ધરાવતાં પરિપથમાં વિદ્યુતપ્રવાહ

$i = i_m \sin\left(\omega t - \frac{\pi}{2}\right)$

જ્યાં, $i_m = \frac{\upsilon_m}{\omega L}$ વિદ્યુતપ્રવાહનો કંપવિસ્તાર

➥ પરિપથમાં ઇન્ડક્ટરને મળતો તત્કાલીન પાવર

$p = \upsilon i$

$\therefore p = \upsilon_m i_m \sin \omega t \sin\left(\omega t - \frac{\pi}{2}\right)$

$\therefore p = -\upsilon_m i_m \sin \omega t \cos \omega t$

$\therefore p = -\frac{\upsilon_m i_m}{2}(2 \sin \omega t \cos \omega t)$

➥ પરંતુ $2 \sin \omega t \cos \omega t = \sin 2 \omega t$

$$\therefore p = -\frac{\upsilon_m i_m}{2} \sin 2 \omega t$$

➥ એક પૂર્ણ ચક્ર દરમિયાન સરેરાશ પાવર

$$P = \overline{p} = \left\langle -\frac{\upsilon_m i_m}{2} \sin 2\omega t \right\rangle$$

$$P = -\frac{i_m \upsilon_m}{2} < \sin 2\omega t >$$

પરંતુ $< \sin 2\omega t > = 0$

$\therefore P = 0$

➥ આમ, એક પૂર્ણ ચક્ર દરમિયાન, ઇન્ડક્ટરને પૂરો પડાતો સરેરાશ પાવર શૂન્ય હોય છે.

**24.**

➥




(a)




(b)




(c)

Liberty

➥ આકૃતિ (a) બહિર્ગોળ લેન્સ વડે રચાતાં પ્રતિબિંબની ભૂમિતિ દર્શાવી છે.

➥ બિંદુવત્ વસ્તુ O ને ઓપ્ટિકલ કેન્દ્રથી $u$ જેટલા અંતરે મૂકવામાં આવેલ છે. લેન્સની બીજી બાજુએ પ્રતિબિંબ I મળે છે. અહીં પ્રતિબિંબ-અંતર $\upsilon$ છે. લેન્સની બંને સપાટીની વક્રતાત્રિજ્યા અનુક્રમે $R_1$ અને $R_2$ છે. તેમજ લેન્સની કેન્દ્રલંબાઈ $f$ છે.

➥ અહીં પ્રતિબિંબની રચના બે તબક્કે જોઈ શકાય :

(i) પ્રથમ વક્રીકારક સપાટી (ABC સપાટી) વસ્તુ O નું પ્રતિબિંબ $I_1$ આપે છે. (આકૃતિ b)

(ii) આ પ્રતિબિંબ $I_1$ એ બીજી વક્રીકારક સપાટી (ADC સપાટી) માટે આભાસી વસ્તુ તરીકે વર્તે છે. (આકૃતિ c)

➥ પ્રથમ આંતરપૃષ્ઠ ABC પાસે થતાં વક્રીભવન માટે,

$$\frac{n_1}{OB} + \frac{n_2}{BI_1} = \frac{n_2 - n_1}{BC_1} \quad \text{... (1)}$$

➥ બીજા આંતરપૃષ્ઠ ADC પાસે આવી જ પ્રક્રિયા કરતાં,

$$-\frac{n_2}{DI_1} + \frac{n_1}{DI} = \frac{n_2 - n_1}{DC_2}$$

➥ પરંતુ પાતળા લેન્સ માટે,

$BI_1 = DI_1$

$$\therefore -\frac{n_2}{BI_1} + \frac{n_1}{DI} = \frac{n_2 - n_1}{DC_2} \quad \text{... (2)}$$

➥ સમીકરણ (1) અને (2) નો સરવાળો કરતાં,

$$\frac{n_1}{OB} + \frac{n_1}{DI} = \frac{n_2 - n_1}{BC_1} + \frac{n_2 - n_1}{DC_2} \quad ... (3)$$

➥ ધારો કે, વસ્તુ અનંત અંતરે રહેલી છે.

પરિણામે OB $\rightarrow \infty$ (અનંત) અને DI $\rightarrow f$ (કેન્દ્રલંબાઈ)

➥ સમીકરણ (3) પરથી,

$$0 + \frac{n_1}{f} = \frac{n_2 - n_1}{BC_1} + \frac{n_2 - n_1}{DC_2}$$

$$\therefore \frac{n_1}{f} = (n_2 - n_1)\left(\frac{1}{BC_1} + \frac{1}{DC_2}\right)$$

➥ આ સમીકરણમાં $BC_1 = R_1$ અને $DC_2 = -R_2$ મૂકતાં (સંજ્ઞા પદ્ધતિ અનુસાર ધન અને ઋણ નિશાની નક્કી કરેલ છે.)

$$\therefore \frac{n_1}{f} = (n_2 - n_1)\left(\frac{1}{R_1} - \frac{1}{R_2}\right)$$

$$\therefore \frac{1}{f} = \left(\frac{n_2 - n_1}{n_1}\right)\left(\frac{1}{R_1} - \frac{1}{R_2}\right)$$

$$\therefore \frac{1}{f} = \left(\frac{n_2}{n_1} - \frac{n_1}{n_1}\right)\left(\frac{1}{R_1} - \frac{1}{R_2}\right)$$

$$\therefore \frac{1}{f} = (n_{21} - 1)\left(\frac{1}{R_1} - \frac{1}{R_2}\right)$$

➥ આ સમીકરણને લેન્સમેકરનું સમીકરણ કહે છે.

➥ લેન્સમેકરનું આ સૂત્ર અંતર્ગોળ લેન્સ માટે પણ સાચું છે. અંતર્ગોળ લેન્સ માટે $R_1$ ઋણ છે અને $R_2$ ધન છે. આથી, $f$ ઋણ મળે છે.

**25.**

➥ ન્યુક્લિયસમાં પ્રોટોન અને ન્યુટ્રોન આવેલ છે. જેમાં પ્રોટોન-પ્રોટોન વચ્ચે કુલંબ અપાકર્ષણ બળ લાગતું હોય છે. તેમ છતાં પ્રોટોન ન્યુક્લિયસમાંથી છટકી શકતો નથી. કારણ કે ન્યુક્લિયસમાં ન્યુક્લિયોન્સને (પ્રોટોન કે ન્યુટ્રોન) જકડી રાખનાર બળ કોઈ જુદા પ્રકારનું જ હોવું જોઈએ. તે (ધન વિદ્યુતભારિત) પ્રોટોન-પ્રોટોન વચ્ચેના અપાકર્ષણની ઉપરવટ જઈને પ્રોટોન અને ન્યુટ્રોનને નાના ન્યુક્લિયર કદમાં જકડી રાખે તેટલું પૂરતું પ્રબળ હોવું જોઈએ.

➥ ન્યુક્લિયર બળનાં ઘણાં લક્ષણો નીચે ટૂંકમાં દર્શાવ્યાં છે :

➥ (i) વિદ્યુતભારો વચ્ચે લાગતાં કુલંબ બળ અને દળો વચ્ચે લાગતાં ગુરુત્વ બળ કરતાં ન્યુક્લિયર બળ ઘણું પ્રબળ છે.

➠ આ જ કારણથી ન્યુક્લિયર બળ ન્યુક્લિયસમાં પ્રોટોન અને ન્યુટ્રોનને જકડી રાખે છે.

➥ (ii) ન્યુક્લિયર બળની અવધિ ફેમ્ટોમીટરના ક્રમની હોય છે. એક ફેમ્ટોમીટર કરતાં વધારે અંતર માટે આ બળનું મૂલ્ય ઝડપથી ઘટીને શૂન્ય થાય છે.

➠ મોટા કદના ન્યુક્લિયસમાં આ બળ સંતૃપ્તતાનો ગુણધર્મ ધરાવે છે.



- આકૃતિમાં ન્યુક્લિયોન વચ્ચેની સ્થિતિ ઊર્જા વિરુદ્ધ અંતરનો આલેખ દર્શાવેલ છે.
- આકૃતિમાં દર્શાવ્યા મુજબ 0.8 $fm$ જેટલા અંતર $r_0$ માટે સ્થિતિઊર્જા લઘુતમ છે.
- 0.8 $fm$ કરતાં વધુ મોટાં અંતરો માટે આ બળ આકર્ષણ પ્રકારનું હોય છે.
- 0.8 $fm$ કરતાં ઓછા અંતરો માટે આ બળ અપાકર્ષણ પ્રકારનું છે.

➥ (iii) ન્યુટ્રોન-ન્યુટ્રોન વચ્ચેનું, પ્રોટોન-ન્યુટ્રોન વચ્ચેનું અને પ્રોટોન-પ્રોટોન વચ્ચેનું, ન્યુક્લિયર બળ લગભગ સમાન છે. ન્યુક્લિયર બળ વિદ્યુતભાર આધારિત નથી.

- કુલંબના નિયમ કે ન્યુટનના ગુરુત્વાકર્ષણના નિયમથી વિપરિત (અલગ), ન્યુક્લિયસ બળનું કોઈ સરળ ગાણિતિક સ્વરૂપ નથી.

**26.**

➥ 


➥ કેપેસિટરમાં સંગ્રહિત ઊર્જા શોધવા માટે પ્રારંભમાં ધારો કે સુવાહક પરનો વિદ્યુતભાર શૂન્ય છે.

➥ હવેધારો કે, ધન વિદ્યુતભારને ટુકડે-ટુકડે સુવાહક-2 પરથી સુવાહક-1 પર લઈ જવામાં આવે છે. પ્રક્રિયાના અંતે ધારો કે સુવાહક-1 પર Q જેટલો ધન વિદ્યુતભાર અને સુવાહક-2 પર Q જેટલો ઋણ વિદ્યુતભાર આવે છે.

➥ સુવાહક-2 પરથી ધન વિદ્યુતભાર ને સુવાહક-1 પર લઈ જવા માટે કાર્ય કરવું પડે છે. આ કાર્ય જેટલી ઊર્જા કેપેસિટરમાં સંગ્રહ પામે છે, જેને કેપેસિટરમાં સંગ્રહિત ઊર્જા કહે છે.

➥ આ સમગ્ર પ્રક્રિયાની વચગાળાની એવી પરિસ્થિતિનો વિચાર કરો કે, જ્યારે સુવાહકો '1' અને '2' પર અનુક્રમે Q' અને –Q' વિદ્યુતભારો હોય.

આ વખતે સુવાહક '1' અને '2' વચ્ચે વિદ્યુત સ્થિતિમાનનો તફાવત $V' = \frac{Q'}{C}$ છે.

જ્યાં C તંત્રનું કેપેસિટન્સ છે.

➥ હવે કોઈ સૂક્ષ્મ વિદ્યુતભાર δQ' ને સુવાહક '2' પરથી સુવાહક '1' પર લઈ જવા માટે કરવું પડતું કાર્ય

$$\delta W = V'\delta Q' = \frac{Q'}{C}\delta Q'$$

➥ સુવાહક 1 પર + Q જેટલો વિદ્યુતભાર પ્રસ્થાપિત કરવા માટે કરવું પડતું કુલ કાર્ય

$$W = \int_0^Q \frac{Q'}{C}\delta Q'$$

$$\therefore W = \frac{1}{C}\left(\frac{Q'^2}{2}\right)_0^Q$$

$$\therefore W = \frac{1}{C}\left(\frac{Q^2}{2} - 0\right)$$

$$\therefore W = \frac{Q^2}{2C}$$

➥ આ કાર્ય કેપેસિટરમાં ઊર્જાસ્વરૂપે સંગ્રહ પામે છે, જેને કેપેસિટરમાં સંગ્રહિત ઊર્જા કહે છે.

$\therefore U = \frac{Q^2}{2C}$ મળે.

➥ તેના વિવિધ સ્વરૂપો $U = \frac{Q^2}{2C} = \frac{1}{2}CV^2 = \frac{1}{2}VQ$

Liberty

➥ ઊર્જાઘનતા : એકમ કદદીઠ સંગ્રહાતી ઊર્જાને ઊર્જાઘનતા કહે છે.

➥ ધારો કે, સમાંતર પ્લેટ કેપેસિટરમાં દરેક પ્લેટનું ક્ષેત્રફળ A અને પ્લેટો વચ્ચેનું અંતર $d$ છે.

➥ કેપેસિટરમાં સંગ્રહિત ઊર્જા

$$U = \frac{Q^2}{2C} \text{ પરંતુ } Q = \sigma A$$

$$C = \frac{\varepsilon_0 A}{d} \text{ મૂકતાં,}$$

જ્યાં, $\sigma$ = વિદ્યુતભારની પૃષ્ઠઘનતા છે.

$$\therefore U = \frac{\sigma^2 A^2}{2\frac{\varepsilon_0 A}{d}} = \frac{\sigma^2 Ad}{2\varepsilon_0}$$

➥ બે પ્લેટ વચ્ચે વિદ્યુતક્ષેત્ર $E = \frac{\sigma}{\varepsilon_0}$ $\therefore \sigma = E\varepsilon_0$

$$\therefore U = \frac{E^2 \varepsilon_0^2 Ad}{2\varepsilon_0} = \frac{1}{2}\varepsilon_0 E^2 Ad$$

$$\therefore \frac{U}{Ad} = \frac{1}{2}\varepsilon_0 E^2$$

પરંતુ $Ad = V$ (બે પ્લેટ વચ્ચેના વિસ્તારનું કદ)

$$\therefore \frac{U}{V} = \frac{1}{2}\varepsilon_0 E^2$$

$$\therefore \rho_E = \frac{1}{2}\varepsilon_0 E^2$$

**27.**

➥ અર્ધવાહક ડાયોડના બે છેડા વચ્ચે બાહ્ય વોલ્ટેજ V એવી રીતે આપવામાં આવે કે જેથી $p$ - વિસ્તારને બેટરીના ધન છેડા સાથે અને $n$ - વિસ્તારને બેટરીના ઋણ છેડા સાથે જોડવામાં આવે ત્યારે તેને ફોરવર્ડ બાયસ કર્યો કહેવાય છે.




(a)




(b)

➥ અહીં ડાયોડને આપેલ વોલ્ટેજ ડિપ્લેશન વિસ્તારના બે છેડા વચ્ચે લાગે છે. લાગુ પાડેલ વોલ્ટેજ (V) ની દિશા અને બેરિયર પોટેન્શિયલ ($V_0$) ની દિશા વિરુદ્ધ હોય છે.

➥ પરિણામે ડિપ્લેશન સ્તરની પહોળાઈ ઘટે છે અને બેરિયરની ઊંચાઈ પણ ઘટે છે, જે આકૃતિ (b) માં દર્શાવેલ છે. ફોરવર્ડ બાયસની અસર હેઠળ પરિણામી બેરિયર ઊંચાઈ ($V_0$–V) હોય છે.

➥ ધારો કે શરૂઆતમાં બેટરી વડે લગાડેલ વોલ્ટેજ ઓછો છે. પરિણામે આ પરિસ્થિતિમાં બેરિયર પોટેન્શિયલ સંતુલન સ્થિતિમાંથી થોડુંક જ ઘટે છે.

➥ પરિણામે જે વિદ્યુતવાહકો સૌથી ઉપરના ઊર્જા સ્તરમાં હોય તે પૂરતી ઊર્જા મેળવીને જંક્શનમાંથી પસાર થાય છે. આ પરિસ્થિતિમાં વિદ્યુતવાહકોની સંખ્યા ઓછી હોવાથી વિદ્યુતપ્રવાહ પણ ઓછો રચાય છે.

- હવે જો બેટરીના વોલ્ટેજ વધારવામાં આવે તો બેરિયર પોટેન્શિયલની ઊંચાઇ ઘટે છે અને વધારે પ્રમાણમાં વિદ્યુતભાર વાહકો પૂરતી ઊર્જા મેળવે છે. જેના કારણે વિદ્યુતપ્રવાહ પણ વધે છે.
- $p$ - $n$ જંક્શનને લગાડેલ વોલ્ટેજ (ફોરવર્ડ બાયસ)ના કારણે $n$-વિસ્તારમાંના ઇલેક્ટ્રોન ડિપ્લેશન વિસ્તાર પસાર કરીને $p$ - વિસ્તારમાં આવે છે એ જ રીતે $p$ - વિસ્તારમાંથી હોલ જંક્શન પસાર કરીને $n$ - વિસ્તારમાં પહોંચે છે. ફોરવર્ડ બાયસની અસર હેઠળ આ પ્રક્રિયાને માઇનોરિટી વાહક ઈન્જેક્શન કહેવાય છે.
- જંક્શનની નજીક બંને બાજુ, માઇનોરિટી વાહકોની સંખ્યા ઘનતા વધુ હોય છે. જંક્શનથી દૂર જતાં માઇનોરિટી વાહકોની સંખ્યા ઘટે છે.
- આ સંખ્યા ઘનતાના તફાવતના કારણે $p$-તરફ દાખલ થયેલા ઇલેક્ટ્રોન $p$-વિસ્તારના બીજા છેડે પહોંચે છે. તે જ રીતે $n$-તરફ દાખલ થયેલા હોલ જંક્શનની $n$-તરફની ધારથી $n$-વિસ્તારના બીજા છેડે પહોંચે છે. (જે આકૃતિમાં દર્શાવેલ છે.)




- વિદ્યુતભાર વાહકોની બંને તરફની આ ગતિના કારણે વિદ્યુતપ્રવાહ રચાય છે. ડાયોડનો કુલ ફોરવર્ડ વિદ્યુતપ્રવાહ એ હોલ ડિફ્યુઝન પ્રવાહ અને ઇલેક્ટ્રોન ડિફ્યુઝન પ્રવાહના સરવાળા જેટલો હોય છે. આ પ્રવાહનું મૂલ્ય $mA$ ના ક્રમનું હોય છે.

Liberty